# નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયેલ મોડાસાના નવીન માર્કેટયાર્ડ ચર્ચાના ચકડોળે

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા માર્કેટયાર્ડ સંચાલિત



બાજકોટ ખાતે નવીન માર્કેટયાર્ડ બનાવવાનું કામકાજ ચાલુ હતું ત્યારે અરવલ્લી જિલ્લાની મુલાકાતે આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ હતી. જિલ્લા કલેક્ટરે વડાપ્રધાન આગળ બાકીનું કામકાજ ૬ મહિનાની અંદર પુરી કરી દેવામાં આવશે અને ખેડૂતો તેમનો માલ નવીન માર્કેયાર્ડમાં વેચી શકશેની બાહેંધરી આપવામાં આવી હતી પરંતુ લોકાર્પણને દોઢ વર્ષથી વધુનો સમય થવા છતાં હજુ પણ કામકાજ પૂર્ણ ન થતા અને માર્કેટયાર્ડની કામગીરી શરુ ન કરતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

મોડાસાના બાજકોટ ખાતે નવનિર્મિત માર્કેટયાર્ડ કેટલાક અન ઉતીર્ણ સવાલોના લીધે ચર્ચાના ચકડોળે ચઢ્યું છે જેવીકે માર્કેટયાર્ડ કેટલા વીઘામાં બન્યું છે માર્કેટયાર્ડની બહારની બાજુએ આવેલી સેન્ટ્રી શોપની માલિકી કોની, નવીન માર્કેટયાર્ડમાં રાજ્ય ધોરીમાર્ગથી જવાની કાયદેસરની એન્ટ્રી કઈ બાજુ કે પછી એન્ટ્રી જ નથી, ગાજણ પંચાયતની જમીનમાં બાંધકામ કરી દેવામાં આવ્યું ચર્ચા એ જોર પકડ્યું છે અને બાંધકામ કરેલ હોય તો તેની મંજૂરી ગ્રામપંચાયત કે સરકાર પાસે લીધી છે, નવીન માર્કેટયાર્ડમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ એજન્સી દ્વારા ટેકાના ભાવે ખેત ઉપજની ખરીદી થઈ રહી છે તો એનો ફાયદો માર્કેટયાર્ડને ખરો કે પછી અન્ય કોઈ વળતર, માર્કેટયાર્ડની પાયાની જરૂરિયાતમાં દુકાનો પ્રમાણે શૌચાલયની સુવિધા છે, કેન્ટીન, વિશ્રામગૃહ, મિનરલ વોટરનો પ્લાન્ટ, સ્ટાફ રૂમ, વોર્ડ રૂમની સુવિધા સહીત અનેક પ્રશ્નોની ઉપસ્થિતિના લીધે મોડાસા નવીન માર્કેટયાર્ડ હાલ ચર્ચાના ચકડોળે ચઢ્યું છે.

મોડાસા નવીનમાર્કેટયાર્ડ અંગે સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થયા અનુસાર સર્વે નં-૨૨૪ માં કુલ જમીન ૬૦૪૨૧ ચો.મી. ૭/૧૨ ના ઉતારામાં તા.૧૭-૫-૨૦૧૬ના રોજ ૧૭૦ પ્લોટના વેચાણ દસ્તાવેજની નમૂના નં-૬ની નોંધ પાડવામાં આવેલ છે પરંતુ આ નોંધમાં એપીએમસીને કુલ કેટલી જમીન વેચવામાં આવી તે પણ વણઉકેલ્યો છે. આ સ.નં. ૨૨૪માંથી એપીએમસીને જે જમીન વેચાણ મળેલ છે તેની ૭/૧૨ના ઉતારાનું અલગ પાનું રેકોર્ડ પર પણ માહિતી પુરી ઉપલબ્ધ ન હોવાની માહિતી પણ આધારભૂત સૂત્રો પાસેથી મળી હતી.




**આ નવીન માર્કેટયાર્ડમાં ભાજપ અને કોંગ્રેસના આગેવાનો ભાજપના એક મોટા નેતા દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે. મોટી માછલી ભાજપના કદાવર નેતા પાસે અને નાની માછલીઓ ભાજપ કોંગ્રેસના હોદેદારો પચાવી ગયાની વાત ટોક ઓફ ઘી ટાઉન બની છે. રાજકારણમાં બાહરી દેખાવ કરી જિલ્લામાં મળતી મલાઈ ખાવા બંને પક્ષના નેતાઓ એકમાંના દીકરા થઈ તારવી લેવા તલપાપડ બનતા હોવાની અનેક ચર્ચાઓ સાંભળવા મળે છે. મોડાસા જુના માર્કેટયાર્ડમાં તેલીબિયાં, અનાજ, કઠોળ સહીત ખેત ઉપજ ખરીદનાર વેપારીઓ નથી તો આ નવીન માર્કેટયાર્ડમાં વહીવટી કમિટી દ્વારા યાર્ડ ચાલુ કરવાનું કઈ રીતે શક્ય બનાવશે તે જોવું રહ્યું. મોડાસા માર્કેટયાર્ડ અને નવીન માર્કેટયાર્ડમાં અનેક કૌભાંડ આચરાયાના અનેક આક્ષેપો વચ્ચે હાલમાં ચૂંટાયેલ શામળભાઈ પટેલ તેમની ઈમાનદાર નેતા તરીકેની છાપ જાળવી શકશે કે નહિ..?**

# હિમતનગર નગરપાલિકા પ્રમુખ અનિરુદ્ધ સોરઠીયા અને ઉપપ્રમુખ જયાબેન પટેલ

હિંમતનગર નગર પાલિકાનો અઢી વર્ષ પૂર્ણ થતાં મંગળવારે પ્રમુખ અને ઉપપ્રમુખ



માટે ચૂંટણી યોજાઈ જેમાં ભારતીય જનતા પાર્ટીએ પાલિકાનું સુકાન સંભાર્યું.પાલિકાની સ્થાપના થી લઇ આજ સુધી પાલિકા ભાજપ હસ્તક જ રહી છે.સાબરકાંઠાના હિંમતનગરની નગરપાલિકાની સ્થાપના થી આજ સુધી નગરપાલિકા ભાજપ હસ્તક રહી છે ત્યારે આજે નગરપાલિકા પ્રમુખની ચૂંટણી માટે ઓબીસી અનામત સીટ હતી જેમાં ભાજપના ચાર ઓબીસી સદસ્યો હતા.ત્યારે પક્ષે પ્રમુખ પદ માટે અનિરુદ્ધભાઇ સોરઠીયા અને ઉપ પ્રમુખ પદ માટે મહિલા જયાબેન પ્રહલાદભાઈ પટેલનું મેન્ડેટ આપ્યું હતું જેને લઈને ભાજપના સદસ્ય અનિરુદ્ધ સોરઠીયાની પ્રમુખ પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી સાથે ઉપ-પ્રમુખ માટે જયાબેન પટેલની બિનહરીફ વરણી થતાની સાથે સદસ્યો ટેકેદારોએ અબીલ-ગુલાલ ઉડાડી અને હાર પહેરાવી નવ નિયુક્ત પ્રમુખ અને ઉપ પ્રમુખ ને અભિનંદન આપ્યા હતા.પાલિકામાં હાલ ભાજપ ના ૨૭ સદસ્યો અને કોંગ્રેસ ના ૯ સદસ્યો છે.જેમાંથી એક સદસ્યનું અવસાન થતા હાલ જગ્યા ખાલી પડેલ છે અને કોંગ્રેસની ૮ બેઠકો છે તો વર્ષોથી ભારતીય જનતા પાર્ટીએ પાલિકાનું સુકાન સાચવી રાખ્યું છે.નવનિયુક્ત પાલિકા પ્રમુખ અનિરુદ્ધ સોરઠીયાએ જણાવ્યું હતું કે પારદર્શક વહીવટ ની સાથે અનેક વિકાસના કામો કરવાની અને પ્રજા લક્ષી કામો ને પ્રાધાન્ય મળી રહે તેવા કામો કરવાની જાહેરમાં ખાત્રી આપી છે.

# પોશીના તાલુકાના આરોગ્ય વિભાગમાં સ્ટાફની અછત

## કોટડા દેલવાડા લાંબડીયા ખેરોજ પોશીના સોસાયટીથી ડોઢસો બોગસ ડોક્ટરો

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તાલુકામાથી વિભાજન કરીને ત્રણ વર્ષ જેવો સમય વિતી ગયો છે પણ આરોગ્ય વિભાગમાં હજુ પણ સ્ટાફની અછત વર્તાઈ રહી છે. તાલુકામાં આરોગ્ય વિષયક સેવાઓ ન મળતા ગામડાની પ્રજાને સેવા માટે ઉઘાડપગા ડોક્ટર પાસે સારવાર અર્થે જવુ પડે છે. આમા તાલુકાના પુરતુ મહેકમ ન હોવાથી જનતા જાહેરમાં લુટાઈ રહી છે.

મેડીકલ ઓફિસરની ૧ જગ્યા ખાલી છે આયુષ મેડીકલ ઓફિસર સાત પૈકી ૬ છ જગ્યા ખાલી છે. આરબીએસ કે. મે. ઓફીસરની છ પૈકી ૨ બે જગ્યા ખાલી છે. આરબીએસ કે. ફિ. હે વર્કર ત્રણ પૈકીબે જગ્યાઓ ખાલી આરબીએસ કે ફાર્મસિસ્ટની ત્રણ જગ્યા ત્રણેય ખાલી છે. એફએચએસની સાત જગ્યા છે અને સાતે સાત ખાલી છે. એમ પીએચએસની સાત જગ્યા છે અને આ સાતે સાત જગ્યા ખાલી છે. સ્ટાફ નર્સની ચૌદ પૈકી છ જગ્યા ખાલી પડી છે. ફાર્માસિસ્ટની સાત જગ્યા છે અને ત્રણ જગ્યા ખાલી છે. લેબ ટેકનીસિયનની સાત પૈકી ચાર જગ્યા ખાલી છે ફિમેલ હે. વર્કર ૪૨ બેતાલીસ પૈકી દસ જગ્યા ખાલી છે. મ.પ.હે. વર્કર-૪૨ બેતાલીસ પૈકી સત્તર જગ્યા ખાલી છે. ટિ.એચ.વી.ની એક જગ્યા ખાલી પડી છે.

આ ખાલી પડેલી જગ્યા સત્વરે ભરવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે.

અહીના સ્થાનીક નેતા પોતાના રાજકીય રોટલી શેકવાને બદલે અહીના મહેકમની ભરતી પ્રક્રિયા હાથ ધરાવે તેવુ પર્જા ઈચ્છી રહી છે.

# મોડાસા નગરપાલિકામાં પ્રમુખ સુભાષ શાહ, ઉપપ્રમુખ જ્યોત્સના કડિયા

## મોડાસા પાલિકામાં બીજેપીની જૂથબંધી અને દાવેદારોના અસંતોષ વચ્ચે ચૂંટણી સંપન્ન

મોડાસા, તા. ૧૨





મોડાસા નગરપાલિકાની પ્રમુખપદની ટર્મ પુરી થતા જ મોડાસા નગરપાલિકામાં પ્રમુખપદ પ્રાપ્ત કરવા નગરપાલિકાના ભાજપના બે કોર્પોરેટરોની જૂથબંધીના લીધે જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો અને પ્રમુખ બનવા માટે ગાંધીનગર અને દિલ્હી સુધી રજુઆત કરવામાં આવી હતી. મોડાસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી બંને પદના દાવેદારોના અસંતોષ વચ્ચે સંપન્ન થઈ હતી. ભાજપ પક્ષ દ્વારા પ્રમુખ તરીકે સુભાષ શાહ અને ઉપ પ્રમુખ તરીકે જ્યોત્સના કડિયાને મેન્ડેડ અપાતા ભાજપના તમામ સભ્યોએ અને અપક્ષે મત આપતા વિજેતા જાહેર થયા હતા. ભાજપ-કોંગ્રેસ અને અપક્ષો સહીત શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા. મોડાસા નગરપાલિકા પ્રમુખની ચૂંટણીમાં અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

મોડાસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપ પ્રમુખપદની ચૂંટણી તારીખ ૧૨ જૂનના રોજ સવારે ૧૧.૩૦ કલાકે પાલિકાના સભાખંડમાં પ્રાંત અધિકારી ઈલાબેનની અધ્યક્ષતામાં યોજાઈ હતી. અનેક અટકળો વચ્ચે અને ભાજપના નગરસેવકોની જૂથબંધી વચ્ચે ભાજપા તરફથી પ્રમુખપદ માટે સુભાષ શાહ અને ઉપપ્રમુખ પદ માટે જ્યોત્સના કડિયાને મેન્ડેટ આપવામાં આવ્યા હતા. પ્રમુખ પદ માટે સુભાષ શાહનું નામ જાહેર થતા જ પ્રમુખપદ મેળવવા એડીચોટીનું જોર લગાવનાર જૂથમાં સન્નાટો છવાયો હતો અને મેન્ડેટનો આદર કરી હરીફ જૂથ સહીત તમામ ભાજપના કોર્પોરેટરો અને અપેક્ષોએ મત આપતા સુભાષ શાહ અને ઉપપ્રમુખ તરીકે જ્યોત્સાનાબેન કડિયા ચૂંટાઈ આવ્યા હતા.

મોડાસા નગરપાલિકાના પ્રમુખપદ પ્રાપ્ત કરનાર સુભાષભાઈ શાહ મોડાસા શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓ અને નાણાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા છે. પ્રમુખ સુભાષ શાહે ભાજપ પક્ષનો તમામ કોર્પોરેટરો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરી મોડાસા શહેરના વિકાસને વેગવંતો બનાવવા આશા વ્યક્ત કરી હતી.

### મોડાસા નગરપાલિકામાં ભાજપના ૬ કોર્પોરેટરોના રાજીનામાથી ખળભળાટ

મોડાસા નગરપાલિકામાં મંગળવારે પ્રમુખપદ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં બીજેપીના સુભાષ શાહ અને જ્યોત્સના કડિયા વિજેતા બન્યા બાદ બીજેપીમાં ચાલી રહેલો જૂથવાદ બહાર આવતા બપોર બાદ કેતન ત્રિવેદી, કિશન ભાઈ, દિનેશ ગુર્જર, જલ્પા ભાવસાર, નર્મદા રાઠોડ અને સવિતાબેને રાજીનામાં નગરપાલિકામાં ચીફ ઓફિસરની ગેરહાજરીમાં પી.આર.ઓ અશ્વિન કડિયાને ધરી દીધા હતા.

### મોડાસા નગરપાલિકામાં સત્તા મેળવવાના પ્રયત્નોના બદલે પહેલેથી ઘૂંટણિયા ટેકવી દીધા

મોડાસા નાગપાલિકામાં કોંગ્રેસ ૨૫ વર્ષથી વિપક્ષપદ શોભાવી રહી છે. મોડાસા નગરપાલિકામાં ભાજપના ૧૮ કોર્પોરેટરો અને કોંગ્રેસના ૧૦ અને અપક્ષો ૮ ચૂંટાઈ આવ્યા હતા. ભાજપે અઢી વર્ષ અપક્ષોના સહારે સત્તા હાંસલ કર્યા બાદ નવા પ્રમુખપદ મેળવવા માટે ભાજપના ૧૮ કોર્પોરેટરોમાં જૂથવાદ ચરમસીમાએ પહોંચતા બે જૂથ પડી ગયા હતા અને કોંગ્રેસ માટે જૂથબંધીનો ફાયદો ઉઠાવી મહુઆ અને કલોલવાળી કરવાનો મોકો હોવા છતાં જાણે વિપક્ષમાંજ સંતોષ હોય તેમ સત્તા મેળવવાના બદલે ઘૂંટણિયા ટેકવી દીધા હોય તેમ ભાજપે આસાનીથી સત્તા ટકાવવામાં સફળ રહેતા કોંગ્રેસને વોટ આપનાર અને વિચારધારા સાથે સંકળાયેલ પ્રજાજનોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

# ડીસા શ્રીમાળી સોની મહિલા મંડળ દ્વારા આયોજીત શૈક્ષણિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૨

ડીસા ખાતે કાર્યરત એવું શ્રી શ્રીમાળી સોની મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા સમાજના બાળકોમાં સમાજ અને પરિવારીક ભાવના વધે તથા



દેશ પ્રત્યે પોતાની નિષ્ઠા વધે તથા તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન થાય તે માટે અને તેમનામાં છુપાઈ રહેલ સુક્ષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે ગત રવિવારના રોજ ડીસાના લાયન્સ હોલ ખાતે શૈક્ષણિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં દેશભક્તિ ગીતોની સ્પર્ધા, ભજનો, બુગી-વુગી, એકપાત્રીય અભિનય, ગરબા, નાટક જેવી વિવિધ કૃતિઓ ધો. ૧ થી ધો. ૧૨ના બાળકો દ્વારા રજુ કરવામાં આવી તેમજ શૈક્ષણિક કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધા, આર્ટ પેપર વર્ક સ્પર્ધા તથા કુકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૭૦થી વધુ બાળકો તેમજ બાલીકાઓએ સ્પર્ધક બનીને ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં દરેક ગ્રુપમાં પ્રથમ, દ્વિતિય, તૃતિય એક ક્રમ આપી ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રાજકીય આગેવાન ડૉ. રાજુલબેન દેસાઈએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપેલ તથા આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારનાર સોની સમાજ અમદાવાદના રોહીતભાઈ ઝવેરી, દક્ષેશભાઈ સોની, હિંમતભાઈ સોની, પાટણ, નવીનભાઈ સોની ઉણ, નટવરભાઈ સોની પાલનપુર તથા ડીસાના સોની પરિવારો તથા આ કાર્યક્રમના દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ ભાવનાબેન સોની, ઉપપ્રમુખ ભાવનાબેન સોની, મંત્રી દીપાબેન સોની, ખજાનચી મનીષાબેન સોની, કન્વીનરો પરેશાબેન સોની, સરોજબેન સોની, જાગૃતિબેન સોની, પૂજાબેન સોની તથા સમગ્ર મહિલા મંડળની ટીમે ભારે મહેનત અને પરિશ્રમથી આ કાર્યક્રમ દિપાવ્યો હતો. આ કાર્યક્રમમાં ડીસા શ્રીમાળી સોની મિત્ર મંડળના હોદ્દેદારો અને સભ્યોએ ભારે જહેમતથી આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે મહેનત કરી હતી. તથા આ કાર્યક્રમનું સફળ સંચાલન પિનાબેન સોની ગાંધીધામ, અર્પણાબેન સોની અમદાવાદ, મુકેશભાઈ જોષી અને તેમની ટીમે કર્યુ હતુ.

# બાળ ગૃહમાં રહેતા બાળકોને મનાલી ખાતે નેતૃત્વ, જીવન કૌશલ્ય અને હકારાત્મક જીવન શૈલી વિશે તાલીમ અપાશે

પાલનપુર, તા. ૧૨

સરકારી બાળ ગૃહમાં રહેતા બાળકો પણ અન્ય બાળકોની જેમ કુદરતી પ્રકૃતિને નજીકથી માણી શકે તે માટે ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી દ્વારા હિમાચલ પ્રદેશના મનાલી ખાતે બાળ સાહસિકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. બે બેચમાં યોજાનાર આ શિબિરમાં ૧૪૭ બાળકોને આવરી લેવાશે. ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી દ્વારા આયોજીત આ શિબિરની પ્રથમ બેચ તા. ૫ જૂનથી ૧૪ જૂન-૨૦૧૮ દરમ્યાન તેમજ બીજી બેચમાં સુરત, વડોદરા, અમદાવાદ, પાલનપુર અને પાટણથી કુલ-૭૦ બાળકો તા. ૧૧ થી ૨૦ જૂન-૨૦૧૮ દરમ્યાન કુલ-૧૦ દિવસ સુધી મનાલીમાં નેતૃત્વ, જીવન કૌશલ્ય, હકારાત્મક જીવન શૈલી અંગે વિસ્તૃત માર્ગદર્શન અને તાલીમ મેળવશે. ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, પાલનપુર અને પાટણની સંસ્થાના ૧૪ બાળકો તથા ૨ કેર ટેકર હિમાચલ પ્રદેશના મનાલી જવા રવાના થયા છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર બન્ને બેચની શિબિરમાં જોગણી વોટર હોલ્સ, હિડિમ્બા ટેમ્પલ, સ્નો, મનાલી જેવા પર્વતોમાં પર્વતારોહણની પ્રવૃત્તિ કરાવવામાં આવશે.

હિમાચલ પ્રદેશના મનાલી ખાતે બાળ સુરક્ષા સોસાયટીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા બાળકોને માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ સાહસિક તાલીમ શિબિરમાં બાળકોને રીપલીગ, ઝીપ લાઇન, રીવક ક્રોસિંગ, કેમ્પ ફાયર જેવી પ્રવૃત્તિઓ શીખવવામાં આવશે.

આ શિબિરના પ્રવાસ અંતર્ગત પાલનપુર બાળ ગૃહના બાળકોને શુભેચ્છા પાઠવવા જિલ્લા બાળ સુરક્ષા એકમ પાલનપુર દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા બાળ સુરક્ષા સમિતિના ચેરમેન સુભાષભાઈ સોનેરી, અગ્રણી પિનાકીનભાઈ ઓઝા, શૈલેષભાઈ રાઠોડ, વિજયભાઈ જોષી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ.નરેશ મેણાત સહિત સમાજ સુરક્ષા ખાતાના અધિકારીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળક્યા

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસસી. (સીએ એન્ડ આઈટી) કોલેજના



વિદ્યાર્થીઓ પંચાલ નિધિ કુમુદચંદ્ર - બીજો, મોદી યશેષ વિનયુમાર-નવમો અને પટેલ ઝલક મહાસુખભાઈ-દશમાએ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માર્ચ-જુન-૧૮ની સેમીસ્ટર-૬ના પરિણામમાં યુનિવર્સિટીકક્ષાએ પરીક્ષામાં સ્થાન પામી કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી તા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.